1. સ્થાનિક સરકાર એટલે શું?

➢ લોકો જે સ્થળે વસવાટ કરે છે તે ગામ, નગરનો કે મહાનગરનો વહીવટ પોતાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા થાય તેને સ્થાનિક સ્વરાજે કહે છે.

2. ગ્રામપંચાયતની રચના માટે વસ્તીનું ધોરણ શું છે ?

➢ ગ્રામ પંચાયતની રચના માટે ઓછામાં ઓછી 500ની વસ્તીની અનિવાર્યતા છે અને 15000 સુધીની વસ્તી માટે ગ્રામ પંચાયત રચાય છે.

3. સામાજિક ન્યાય કોને કહે છે ?

➢ સમાજના દરેક સ્તરની જ્ઞાતિઓને સમાન ધોરણે ન્યાય મળે તેને સામાજિક ન્યાય કહે છે.

4. ગ્રામપંચાયતનાં બે ફરજિયાત કાર્યો જણાવો.

➢ ગ્રામ પંચાયતનાં બે ફરજીયાત કાર્યો છે. (1) પીવાના તથા ગૃહ વપરાશના પાણીની વ્યવસ્થા. (2) જન્મ, મૃત્ય તેમજ લગ્નની નોંધણી.

5. મહિલા સશક્તિકરણ એટલે શું?

➢ પંચાયતથી માંડીને પાલમિન્ટ સુધી તમામ રાજકીય નિર્ણય ધડતરની સંસ્થાઓમાં, સરકારી માળખા તેમજ તમામ ક્ષેત્રોમાં મહિલાઓની સામેલગીરી કરવાની માંગ એટલે મહિલા સશક્તિકરણ.

6. સ્થાનીક સ્વરાજની સંસ્થાઓમાં કોનો સમાવેશ થાય છે?

➢ ગ્રામ પંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકાનો સમાવેશ થાય છે.

7. સ્થાનીક સ્વરાજ્યની સંસ્થાના કાર્યો જણાવો.

➢ સ્થાનીક સ્વરાજ્યની સંસ્થાઓ ગામ કે નગરના લોકોની જાહેર સુખાકારીના અને લોકોની સ્થાનિક જરૂરિયાતોની સેવાઓનાં કાર્યોનો વહીવટ કરે છે.

8. ભારતમાં સ્થાનિક સંસ્થાઓની શરૂઆત કોના સમયમાં થઈ?

➢ બ્રિટિશ શાસન દરમિયાન ભારતમાં સ્થાનિક સંસ્થાઓની શરૂઆત થઈ હતી.

9. ગાંધીજીનો સત્તાના વિકેન્દ્રીકરણ અંગેના વિચારો સ્પષ્ટ કરો.

➢ ગાંધીજી હંમેશા સ્વરાજની કલ્પના કરતાં હતાં, આ કલ્પનામાં ભારતીય સંસ્કૃતિ અને ભારતીયતા જાળવવી હોય, બાહુજન સમાજની શાંતિઓ અને તેનું કલ્યાણ થાય તેમ કરવું હોય તો દેશમાં સત્તાનું વિકેન્દ્રીકરણ કરવું જોઈએ તેવું માનતા હતાં.

10. સ્થાનિક સ્વરાજયની સંસ્થા અંગે જવાહરલાલ નહેરના મંતવ્યો જણાવો.

- જવાહરલાલ નહેરુના મતે સ્થાનિક સ્વરાજ એ જ સાચા લોકશાહી તંત્રનો પાયો છે. જયાં સુધી લોકશાહીમાં સ્થાનિક સ્વશાસનને પુરતી અગત્યતા ન મળે ત્યાં સુધી દેશમાં લોકશાહી તંત્ર સફળ થઈ શકે નહિ.

11. બ્રિટીશ કાળ દરમિયાન ભારતમાં વહીવટી વિકેન્દ્રીકરણ અને રાજકીય શિક્ષણની શરૂઆત કોને કરી હતી ?

- લોર્ડ મેયોનીએ

12. બંધારણના કયા સુધારા હેઠળ ભારતમાં "પંચાયતી રાજ" અમલમાં મુકાયો છે ?

- 1992માં 73માં અને 74માં બંધારણીય સુધારા હેઠળ સમગ્ર ભારતમાં એકસરખી રીતે પંચાયતી રાજ અમલમાં મુકાયો છે.

13. પંચાયતનો અર્થ સમજાવો.

- પંચ +આયત = પંચાયત પંચ એટલે પાંચ, આયત એટલે સ્થળ એટલે કે પંચનું સ્થળ.

14. ભારતમાં પંચાયતી રાજનો પ્રારંભ કયા રાજ્યથી થયો હતો?

- ભારતમાં 2જી ઓક્ટોમ્બર, 1959માં રાજસ્થાનથી પંચાયતી રાજનો પ્રારંભ થયો હતો.

15. બંધારણની કઈ કલમ હેઠળ ગ્રામ પંચાયતની રચના કરાય છે?

- બંધારણની કલમ 40 હેઠળ ગ્રામ પંચાયતની રચના કરાય છે.

16. ગુજરાતમાં પંચાયત કક્ષાએ મહિલાઓને માટે કેટલી બેઠકો અનામત રાખવામાં આવી છે?

- ગુજરાતમાં પંચાયત કક્ષાએ 50 % બેઠકો અનામત રાખવામાં આવી છે.

17. ગ્રામ પંચાયતોની બિનહરીફ ચૂંટણીઓ માટે કયા પુરસ્કાર અપાય છે ?

- ગ્રામ પંચાયતોની બિનહરીફ ચૂંટણીઓ માટે સરકાર દ્વારા "સમરસતાપુરસ્કાર" અને "મહિલા સમરસ" અને બે પુરસ્કાર, આપવામાં આવે છે.

18. ગ્રામ પંચાયતની વિવિધ સમીતિઓના માત્ર નામ જણાવો.

- ગ્રામ પંચાયતમાં કારોબારી, અપીલ, સામાજિક ન્યાય, શૈક્ષણિક, પાણી, બાંધકામ, સ્વચ્છતા, આરોગ્ય જેવી સમીતિઓ હોય છે.

19. 2015 ની માહિતી અનુસાર ગુજરાતમાં કેટલી ગ્રામ પંચાયતો છે ?

- 2015 ની માહિતી અનુસાર ગુજરાતમાં 13,996 ગ્રામ પંચાયતો છે.

20. તાલુકા પંચાયતમાં સભ્ય સંખ્યા કેટલી હોય છે?

- તાલુકા પંચાયતની સભ્ય સંખ્યા 15 થી 31 હોય છે.

21. તાલુકા પંચાયતની સામાજિક કલ્યાણ સમિતિના અધ્યક્ષનું સ્થાન કોના માટે અનામત છે ?

- અનુસૂચિત જાતીના સભ્ય માટે અનામત છે.

22. ભારતમાં શહેર સુધરાઈનો પ્રારંભ ક્યારે થયો?

- ભારતમાં 1888માં સૌપ્રથમ શહેર સુધરાઈનો પ્રારંભ મદ્રાસ (ચેન્નાઈ) થી થયો હતો.

23. નગરપાલિકામાં ઓછામાં ઓછી અને મહત્તમ સભ્ય સંખ્યા કેટલી હોય છે ?

- નગરપાલિકામાં ઓછામાં ઓછી સભ્ય સંખ્યા 27 અને વધુમાં વધું સભ્ય સંખ્યા 51 હોય છે.

24. નગર પાલિકાના પ્રમુખની મુદત કેટલી હોય છે?

- ગુજરાતમાં નગરપાલિકાના પ્રમુખની મુદત અઢી વર્ષની હોય છે.

25. ગુજરાતમાં વર્તમાન સમયમાં કેટલી નગરપાલિકાઓ છે?

- ગુજરાતમાં વર્તમાન સમયમાં 259 નગરપાલિકાઓ છે.

26. મહાનગરપાલિકાના પ્રમુખને કયા નામે ઓળખવામાં આવે છે?

- મહાનગરપાલિકાના પ્રમુખને નગરપતિ કે મેયરના નામે ઓળખવામાં આવે છે.

27. 10 લાખથી વધુ વસ્તીવાળાં શહેરોના વિકાસ માટે કઈ ખાસ જોગવાઈ છે ?

- 10 લાખથી વધુ વસ્તીવાળાં શહેરોના વિકાસ માટે મેટ્રોપોલિટન પ્લાનિંગ કમિટીની જોગવાઈ છે.

28. ભારતમાં કયા વર્ષને મહિલા સશક્તિકરણ વર્ષ તરીકે જાહેર કરવામાં આવ્યું હતું ?

- ભારતમાં 2001ના વર્ષને મહિલા સશક્તિકરણ વર્ષ તરીકે જાહેર કરવામાં આવ્યું હતું.

29. પંચાયતી રાજનું સૌથી ટોચનું એકમ કયું છે?

- પંચાયતી રાજનું સૌથી ટોચનું એકમ જીલ્લા પંચાયત છે.

30. D.D.O. નું પૂર્ણ રૂપ આપો.

- જીલ્લા વિકાસ અધિકારી (ડિસ્ટ્રિક્ટ ડેવલપમેન્ટ ઓફિસર)

31. T.D.O. નું પૂર્ણ રૂપ આપો.

- તાલુકા વિકાસ અધિકારી (તહસીલ ડેવલપમેન્ટ ઓફિસર)